RNI Reg. GUJGUJ/2010/44893

ચોથી જાગીરનો પડકાર

# મુખ્ય સમાચાર

MUKHYA SAMACHAR (DAILY EVENING)
E-mail Id: mukhyasamachardaily@gmail.com

સાંધ્ય દૈનિક

Year : 15, Issue : 270, Dt.1-2-2025 Saturday Page : 4 Retail Selling Price : Rs. 3/- Published Date : DAILY EVENING (MONDAY TO SATURDAY) Language : GUJARATI

# દેશના અર્થતંત્રને ‘બુસ્ટરડોઝ’ આપતું બજેટ રજુ

## ૧૨ લાખ સુધીની આવક પર કોઈ ટેક્સ નહીં: કેન્સર જેવા ગંભીર રોગો ને લગતી ૩૬ દવાઓ સંપૂર્ણપણે ડ્યુટી ફ્રી : બજેટમાં વરિષ્ઠ નાગરિકો માટે મોટી જાહેરાતઃ નોકરીયાત વર્ગને મોટી રાહત અપાઈ : ખેડૂતો માટે ૭ મહત્વની જાહેરાતઃ સંસદમાં સતત આઠમી વાર બજેટ રજૂ કરતા નાણામંત્રી નિર્મલા સીતા રમણ

**મુખ્ય સમાચાર,નવીદિલ્હી**



નાણાંમંત્રી નિર્મલા સિતારમણે પોતાનું આઠમું બજેટ રજૂ કર્યુ છે. જેમાં નાણાંમંત્રી દ્વારા કરદાતાઓ માટે મોટી જાહેરાત કરવામાં આવી છે. નાણાંમત્રીએ અપડેટેડ ઈન્કમ ટેક્સ રિટર્ન ફાઈલ કરવાની મર્યાદા ચાર વર્ષ સુધી લંબાવવાની જાહેરાત કરી છે. જણાવી દઈએ કે, હાલ અપડેટેડ ઈન્કમ ટેક્સ રિટર્ન ફાઈલ કરવાની સમય સીમા બે વર્ષની છે. જે લોકો સમક્ષ ઈઝ રિટર્ન ફાઈલ નથી કરી શકતાં અથવા કંઈક ગડબડ કરી દે છે, તેવા લોકો માટે આ મોટી રાહત છે.

આ સિવાય બજેટમાં વરિષ્ઠ નાગરિકોમાટે પણ ઝઉજની લિમિટ વધારીને એક લાખ રૂપિયા કરવામાં આવી છે, જેની પહેલાં લિમિટ ૫૦ હજાર રૂપિયા હતી. આ સિવાય બે તયહર-જ્ઞભભીાશયમ સંપત્તિના વાર્ષિક મૂલ્યને શૂન્યના રૂપે પણ દાવો કરી શકશે. નાણાંમંત્રીએ જણાવ્યું કે, ભાડા પર ઝઉજની વાર્ષિક સીમા ૨.૪૦ લાખ રૂપિયાથી વધારીને છ લાખ રૂપિયા કરવામાં આવશે.

બજેટમાં નોકરિયાત વર્ગ માટે મોટી જાહેરાત કરવામાં આવી છે. નવી ટેક્સ વ્યવસ્થામાં ૧૨ લાખ રૂપિયા સુધીની વાર્ષિક આવક પર કોઈ ટેક્સ નહીં લાગે. નાણાંમંત્રીએ જણાવ્યું કે, વાર્ષિક ૧૨ લાખ રૂપિયા સુધી આવક ધરાવતા લોકોને કોઈ ટેક્સ ન આપવાથી ૮૦ હજાર રૂપિયાનો લાભ થશે. વળી, વાર્ષિક ૧૮ લાખ રૂપિયાની આવકવાળી વ્યક્તિને ટેક્સમાં ૭૦ હજાર રૂપિયાનો ફાયદો થશે. આ સિવાય છ્ઈઈની કછ્જ (લિબરલાઈઝ્ડ રેમિટન્સ સ્કીમ) હેઠળ ઝઉજ કપાતની મર્યાદા ૭ લાખ રૂપિયાથી વધારીને ૧૦ લાખ રૂપિયા કરવામાં આવશે.

નાણાંમંત્રીએ નવી ટેક્સ વ્યવસ્થા હેઠળ ટેક્સ સ્લેબમાં ફેરફાર કરવાની પણ જાહેરાત કરી છે. ૪ લાખ રૂપિયાની આવક પર શૂન્ય ટેક્સ, ૪થી ૮ લાખ રૂપિયાની આવક પર ૫% ટેક્સ, આઠથી ૧૨ લાખ રૂપિયાની આવક પર ૧૦% અને ૧૨ થી ૧૬ લાખની આવક પર ૧૫% ટેક્સ લાગશે.

નાણામંત્રી નિર્મલા સીતારમણે ખેડૂતો માટે એક નવી યોજના નપ્રધાનમંત્રી ધન ધન્ય કૃષિ યોજનાથ સાથે બજેટ ૨૦૨૫ ની શરૂઆત કરી. આ યોજના ૧.૭ કરોડ ખેડૂતોને મદદ કરે તેવી શક્યતા છે. આ ઉપરાંત તેમણે કિસાન ક્રેડિટ લિમિટ ૩ લાખ રૂપિયાથી વધારીને ૫ લાખ રૂપિયા કરવાની જાહેરાત કરી. આ ઉપરાંત બિહાર મખાના બોર્ડની રચનાની પણ જાહેરાત કરવામાં આવી હતી.

ખેડૂતો માટે બે મોટી જાહેરાતો



### બજેટના ખાસ મોટા એલાન

- શાળાઓ શિક્ષણમાં ભારતીય ભાષા વ્યક્તિમાં પુસ્તકો અપાશે
- કૌશલ્ય માટે પાંચ નેશનલ સેન્ટર ઓફ એક્સલન્સ ખોલાશે
- ક્લીન ટેક મેન્યુફેક્ચરિંગ ઉપર ભાર મુકાશે
- ૩ નવા અઈ આધારિત સેન્ટર ફોર એક્સેલેન્સ માટે પાંચ હજાર ની જોગવાઈ
- મેડિકલ કોલેજમાં ૧૦૦૦૦ નવી બેઠકો ઉમેરાશે
- સરકારી સેકન્ડરી શાળાઓમાં બ્રોડબેન્ડ કનેક્ટિવિટી કરાશે
- દરેક જિલ્લા હોસ્પિટલમાં ૨૦૦ ડે કેર સેન્ટર ખોલાશે
- પાંચ ઈંઈંઝ શિક્ષિત વ્યવસ્થા વધુ મજબૂત કરાશે
- જુતા, ચામડી, બનાવટો માટે નવી સ્કીમ લોન્ચ કરાશે
- ડખ જન આરોગ્ય યોજના હેઠળ એક કરોડ કામદારોને લાભ મળશે
- ૨૦૨૮ સુધી જળજીવન મિશન લંબાવાયું
- ૧ લાખ કરોડનું અર્બન ચેલેન્જ ફંડ લાગુ કરાશે
- અઈ શિક્ષણ માટે ૩૦૦ કરોડની ફાળવણી
- શહેરોના રચનાત્મક વિકાસ માટે અર્બન ચેલેન્જ ફંડ

આ સાથે, બજેટની શરૂઆતમાં જ, નાણામંત્રીએ ખેડૂતો માટે પ્રધાનમંત્રી ધનધન્ય યોજનાની જાહેરાત કરી. આ સાથે કિસાન ક્રેડિટ કાર્ડની મર્યાદા વધારવાની જાહેરાત કરવામાં આવી છે. નાણામંત્રીએ કહયું કે તેની મર્યાદા હવે ૩ લાખ રૂપિયાથી વધારીને ૫ લાખ રૂપિયા કરવામાં આવી છે. શુક્રવારે રજૂ કરાયેલા આર્થિક સર્વેક્ષણ ૨૦૨૪-૨૫માં પણ આ સંબંધિત માહિતી શેર કરવામાં આવી હતી, જે મુજબ દેશમાં કિસાન ક્રેડિટ કાર્ડ ધારકોની સંખ્યા ૭.૭૫ કરોડ સુધી પહોંચી ગઈ છે.

ખેડૂતોને લાભ આપવા માટે સરકારે કિસાન ક્રેડિટ કાર્ડ (ઊંઈઈ) રજૂ કર્યુ છે. આ કાર્ડ દ્વારા ખેડૂતોને સસ્તા વ્યાજ દરે લોન ઉપલબ્ધ કરાવવામાં આવે છે. આ યોજના ૧૯૯૮માં ભારત સરકાર, ભારતીય રિઝર્વ બેંક અને નાબાર્ડ દ્વારા શરૂ કરવામાં આવી હતી, જેને કિસાન ક્રેડિટ કાર્ડ નામ આપવામાં આવ્યું હતું. ખેતી ઉપરાંત, મત્સ્યઉદ્યોગ અથવા પશુપાલન સાથે સંકળાયેલા લોકો પણ આ કાર્ડ માટે અરજી કરી શકે છે. અત્યાર સુધી તેની મર્યાદા ૩ લાખ રૂપિયા હતી, પરંતુ હવે સરકારે ૫ લાખ રૂપિયાની મર્યાદા સાથે નવું કસ્ટમાઈઝ્ડ ક્રેડિટ કાર્ડ જારી કરવાની જાહેરાત કરી છે.

કિસાન ક્રેડિટ કાર્ડની મર્યાદા વધારવાની જાહેરાત સાથે, નાણામંત્રીએ પ્રધાનમંત્રી ધન ધન્ય યોજના (ડખ ઉવફક્ષ ઉવફક્ષુફ ઢજ્ઞષફક્ષફ) ની જાહેરાત કરીને ખેડૂતોને મોટી ભેટ આપી છે. આ યોજના હેઠળ ઓછી ઉપજ, આધુનિક પાકની તીવ્રતા અને સરેરાશથી ઓછા લોન પરિમાણો ધરાવતા ૧૦૦ જિલ્લાઓને આવરી લેવામાં આવશે. આનાથી ૧.૭ કરોડ ખેડૂતોને ફાયદો થશે.

આ ઉપરાંત, ખાદ્ય તેલમાં આત્મનિર્ભરતા વધારવા માટે છ વર્ષના મિશનની જાહેરાત કરવામાં આવી હતી. તેમણે એમ પણ કહયું કે ફળો અને શાકભાજી માટે એક વ્યાપક કાર્યક્રમ ચલાવવામાં આવશે.

નાણામંત્રીએ કહયું, નઅમે બિહારમાં રાષ્ટ્રીય ખાદ્ય ટેક્નોલોજી સંસ્થાની સ્થાપના કરીશું, જે પૂર્વ ભારતમાં ખાદ્ય પ્રક્રિયાને પ્રોત્સાહન આપશે. આનાથી યુવાનો માટે રોજગારીનું સર્જન થશે.થથ રાજ્યમાં મખાનાના ઉત્પાદન, પ્રક્રિયા, મૂલ્યવર્ધન અને માર્કેટિંગમાં સુધારો કરવા માટે મખાના બોર્ડની સ્થાપના પણ જાહેરાત કરી.

પ્રધાનમંત્રી ધન ધન્ય કૃષિ યોજના ઓછી ઉત્પાદકતા ધરાવતા ૧૦૦ જિલ્લાઓને આવરી લેશે. આનાથી કૃષિ ઉત્પાદકતામાં વધારો થશે અને પંચાયત સ્તરે સંગ્રહ વધશે. ખાદ્ય તેલમાં આત્મનિર્ભરતા હાંસલ કરવા માટે રાષ્ટ્રીય તેલ મિશન ચલાવવામાં આવી રહ્યું છે. ૧૦ વર્ષ પહેલાં આપણે નક્કર પ્રયાસો કર્યા અને કઠોળમાં આત્મનિર્ભરતા પ્રાપ્ત કરી. ત્યારથી આવકમાં વધારો થયો છે અને આર્થિક ક્ષમતામાં સુધારો થયો છે.

નાણામંત્રીએ કહયું કે મેક ઈન ઈન્ડિયા, રોજગાર અને નવીનતા, ઉર્જા પુરવઠો, રમતગમતનો વિકાસ આપણી વિકાસ યાત્રામાં સામેલ છે અને તેનું બળતણ સુધારા છે.

રાજ્યો સાથે ભાગીદારીમાં ગ્રામીણ સમૃદ્ધિ અને સ્થિતિસ્થાપકતાનું નિર્માણ શરૂ કરવામાં આવશે. તે યુવાન ખેડૂતો, ગ્રામીણ મહિલાઓ, ખાસ કરીને નાના ખેડૂતો પર ધ્યાન કેન્દ્રતિ કરશે.વડાપ્રધાન શ્રી નરેન્દ્ર મોદીના અધ્યક્ષ સ્થાને મળેલી કેબીનેટમાં બજેટને મંજુરી અપાયા બાદ સવારે ૧૧ના ટકોરે લોકસભા- નિર્મલા સીતારામને આઠમું બજેટ રજુ કર્યુ હતું. જેમાં ૨૦૪૭ના રોડ મેપમાં દેશમાં ઈન્ફ્રાસ્ટ્રકચર સુવિધા વધારવા ઉપરાંત સોશ્યલ એન્જીનીયરીંગનો ખાસ ખ્યાલ રાખવામાં આવ્યો છે.

### ઈલેક્ટ્રોનિક સામાન-વ્હીકલથી લઈને ફૂટવિયર, ફર્નિચર સુધીની જાહેરાત, ૩૬ જીવનરક્ષક દવાઓ સસ્તી

આ વખતે બજેટમાં સરકારે ૩૬ જીવનરક્ષક દવાઓ પરની કસ્ટમ ડ્યુટી દૂર કરી છે. આ ઉપરાંત, લિથિયમ-આયન બેટરી સ્ક્રેપ પરની ડ્યુટી દૂર કરવાની પણ જાહેરાત કરવામાં આવી છે. આનાથી જીવનરક્ષક દવાઓ અને બેટરી સસ્તી થશે. તે જ સમયે, સરકારે ઈન્ટરેક્ટિવ ફ્લેટ પેનલ ડિસ્પ્લે પર ડ્યુટી ૧૦% થી વધારીને ૨૦% કરી છે, જેના કારણે તે મોંઘી બનશે. જોકે, આ ઉત્પાદનો કેટલા સસ્તા કે મોંઘા હશે તે નક્કી નથી. સરકારે ૧ જુલાઈ, ૨૦૧૭ના રોજ દેશભરમાં GST લાગુ કર્યો, ત્યારબાદ બજેટમાં ફક્ત કસ્ટમ ડ્યુટીમાં વધારો કે ઘટાડો કરવામાં આવે છે. ડ્યુટીમાં વધારો અને ઘટાડો વસ્તુઓના ભાવ પર ઈનડાયરેક્ટ અસર કરે છે.

## કેન્દ્રીય નાણાંમંત્રી નિર્મલા સીતારમણે દુલારી દેવીએ ભેટ આપેલી સાડી પહેરી

### મધુબની કલા અને પદ્મ પુરસ્કાર વિજેતા દુલારી દેવીના કૌશલ્યને શ્રદ્ધાંજલિ આપવા માટે સાડી પહેરી

કેન્દ્રીય નાણાંમંત્રી નિર્મલા સીતારમણ મધુબની કલા અને પદ્મ પુરસ્કાર વિજેતા દુલારી દેવીના કૌશલ્યને શ્રદ્ધાંજલિ આપવા માટે સાડી પહેરી છે. દુલારી દેવી ૨૦૨૧ પદ્મશ્રી પુરસ્કાર વિજેતા છે. જ્યારે નાણાં પ્રધાન મિથિલા આર્ટ ઈન્સ્ટિટ્યૂટમાં ક્રેડિટ આઉટરીચ પ્રવૃત્તિ માટે મધુબનીની મુલાકાતે આવ્યા હતા, ત્યારે તેઓ દુલારી દેવીને મળ્યા હતા અને બિહારમાં મધુબની કલા પર વિચારોનું સૌહાર્દપૂર્ણ આદાન-પ્રદાન કર્યું હતું. દુલારી દેવીએ સાડી ભેટ આપી હતી અને બજેટ દિવસ માટે નાણાંમંત્રીને તે પહેરવા કહ્યું હતું.



### નાણામંત્રી નિર્મલા સીતારમણે ખેડૂતો માટે એક નવી યોજના નપ્રધાનમત્રી ધન ધન્ય કૃષિ યોજનાથ સાથે બજેટ ૨૦૨૫ ની શરૂઆત કરી. આ યોજના ૧.૭ કરોડ ખેડૂતોને મદદ કરે તેવી શક્યતા : કિસાન ક્રેડિટ મર્યાદા ૩ લાખ રૂપિયાથી વધારીને ૫ લાખ રૂપિયા કરવાની જાહેરાત

### સંસદમાં સતત આઠમી વાર બજેટ રજુ કરતા કહ્યું કે વડાપ્રધાનના નેતૃત્વમાં અર્થતંત્રને ગતિ આપીશું

* MSME ઉદ્યોગોને વધુ પ્રોત્સાહન મળશે
* મખાનાના ઉત્પાદનમાં વધારો થશે
* સુક્ષ્મ ઉદ્યોગ માટે ક્રેડિટ લોન અપાશે
* કપાસના ઉત્પાદનમાં વધારો કરાશે
* ST SC મહિલાઓને ૨ કરોડ સુધીની લોન અપાશે
* ૫ લાખ મહિલાઓ માટે નવી સ્કીમ લોન્ચ કરાશે
* રોજગારી વધારવા માટે નવી પોલીસી લવાશે
* મેડ ઈન ઈન્ડીયા રમકડા માટે સહાય પુરી પડાશે
* બજેટમાં સરકારનો વિકાસદર પર ભાર મુકાશે
* બિહારમાં નેશનલ ઈન્સ્ટીટયુટ ઓફ ટેકનોલોજીની સ્થાપના થશે
* મેક ઈન ઈન્ડીયા માટે નેશનલ મેન્યુફેકચરિંગ મિશન શરૂ કરાશે.


## ચાલુ માસ ફેબ્રુઆરીથી જ ગરમી ‘પરચો’ દેખાડવા લાગશે : હવામાન વિભાગની આગાહી

### ઉતર - પશ્ચિમના અમુક ભાગો સિવાય સર્વત્ર ન્યુનતમ તથા અધિકતમ તાપમાન નોર્મલ કરતા ઉંચુ રહેવાની સંભાવના

**મુખ્ય સમાચાર,નવીદિલ્હી**

દેશમાં કેલેન્ડર વર્ષ ૨૦૨૪ ઈતિહાસનું સૌથી ગરમ બની રહ્યાનું જાહેર થયા બાદ ચાલુ વર્ષે પણ ગરમી ભુકકા કાઢશે અને ચાલુ ફેબ્રુઆરી મહિનાથી જ ગરમીનો સિતમ શરૂ થઈ જવાની આગાહી કરવામાં આવી છે.

ભારતીય હવામાન વિભાગે માસીક આગાહી રિપોર્ટમાં જણાવ્યું છે કે, જાન્યુઆરી મહિનો પણ પ્રમાણમાં ગરમ અને શુષ્ક રહ્યો હતો. તેવી જ રીતે ફેબ્રુઆરીમાં પણ મોટાભાગનાં હિસ્સામાં તાપમાન સામાન્યથી વધુ રહેવાની અને વરસાદ પણ સામાન્ય કરતા ઓછો રહેવાની સંભાવના છે ચાલુ ફેબ્રુઆરી મહિનામાં સરેરાશ ૨૨.૭ મીમી વરસાદ થતો હોય છે તે ૮૧ ટકાથી ઓછો રહી શકે છે. હવામાન વિભાગનાં વડા મૃત્યુંજય મહાપાત્રાએ કહ્યું કે, પશ્ચિમ-મધ્ય, ઉતર-પશ્ચિમ ભારતના અમુક ભાગોને બાદ કરતાં દેશનાં મોટાભાગનાં ક્ષેત્રોમાં વરસાદ સામાન્ય કરતા ઓછો થશે.તેવી જ રીતે ઉતર પશ્ચિમ ભારતના અમુક ભાગો સિવાય સમગ્ર દેશમાં ફેબ્રુઆરીમાં ન્યુનતમ તાપમાન સામાન્ય કરતાં વધુ રહેવાની શકયતા છે. આ ઉપરાંત પશ્ચિમ-મધ્યનાં અમુક ભાગો સિવાય સર્વત્ર અધિકતમ તાપમાન પણ સામાન્ય કરતા વધુ રહેવાની શકયતા છે. તેઓએ કહ્યુ કે, જાન્યુઆરીમાં સરેરાશ ૪.૫ મીમી વરસાદ થયો હતો જે ૧૯૦૧ પછી ચોથા નંબરનો સૌથી ઓછો વરસાદ હતો.જાન્યુઆરીમાં સરેરાશ




તાપમાન ૧૮.૯૮ ડીગ્રી રહ્યું હતું. તે ૧૯૦૧ પછીનું ત્રીજા નંબરનું સૌથી ઉંચુ હતું. ભારતમાં ઓકટોબર ૨૦૨૪ માં સૌથી વધુ ગરમીનો રેકોર્ડ થયો હતો. આ મહિનામાં તાપમાન નોર્મલ કરતા ૧.૨ ડીગ્રી વધુ હતું. આ પૂર્વે હવામાન વિભાગે આગાહી કરી જ હતી કે જાન્યુઆરી-માર્ચ દરમ્યાન ઉતર ભારતમાં તાપમાન સામાન્ય કરતા નીચુ રહેશે. પંજાબ, હરીયાણા, હિમાચલ પ્રદેશ, જમ્મુ-કાશ્મીર ઉતરાખંડ તથા ઉતર પ્રદેશ જેવા રાજયોમાં ઘઉં, ચણા, જેવા શિયાળુ પાકનું વાવેતર કરે છે. શિયાળાનો વરસાદ ઉત્પાદનમાં મોટો ભાગ ભજવે છે.

## અમેરિકામાં વધુ એક વિમાની દુર્ઘટના : ૬ નાં મોત : ઉડાન ભર્યાના 30 સેકન્ડમાં જ ‘ક્રેશ’

### સળગતુ વિમાન રહેણાંક વિસ્તારમાં ખાબકતા અનેક ઈમારતોમાં આગ


**મુખ્ય સમાચાર,વોશીંગ્ટન**

અમેરિકામાં વિમાન તથા હેલીકોપ્ટરની ટકકરમાં ૬૭ લોકોના મોતની ઘટનામાં બે દિવસમાં જ નવી વિમાની દુર્ઘટના સર્જાઈ હતી. પેન્સિલવેનીયાનાં ફિલાડેલ્ફિયામાં એક નાનકડુ વિમાન ટેક ઓફ કર્યાની માત્ર ૩૦ સેકન્ડમાં તૂટી પડયુ હતું. જોરદાર ધડાકા સાથે અગનગોળો બની ગયેલા વિમાનની આ દુર્ઘટનામાં ૬ લોકોના મોત નીપજયા હતા.

ધડાકા સાથે તૂટી પડયા બાદ વિમાન રહેણાંક વિસ્તાર પર ખાબકયુ હતું. તેમાં પણ અનેક લોકો ઈજાગ્રસ્ત બન્યા હોવાનું રાજયનાં ગર્વનર જોશ શાપિરોએ જાહેર કર્યુ હતું.

તેઓએ કહ્યુ કે ફિલાડેલ્ફિયા એરપોર્ટથી ૪.૮ કિલોમીટર દુર આ વિમાન દુઘર્ટના સર્જાઈ હતી જેની માહીતી મળતાની સાથે જ બચાવ ટીમો મોકલવામાં આવી હતી અને રાહત-બચાવ કામગીરી શરૂ કરવામાં આવી હતી.

વિસ્ફોટ સાથે વિમાન રહેણાંક વિસ્તારમાં તૂટી પડવાનો પગલે અનેક મકાનો પણ આગની લપેટમાં આવી ગયા હતા. અને લોકોમાં નાસભાગ મચી ગઈ હતી. આ મેડીકલ નાનુ વિમાન ફિલાડેલ્ફિયાથી મિઝોરી જઈ રહ્યું હતું તેમાં બે પાઈલોટ બે ડોકટર એક દર્દી તથા એક તેમના પરિવારના સદસ્ય સવાર હતા.




લીયરજેટ નામનું આ વિમાન લોકલ સમય પ્રમાણે સાંજે ૬.૧૦ કલાકે તૂટી પડયુ હતું સોશ્યલ મીડીયામાં વાઈરલ વિડીયોમાં જણાય છે કે ઉડાન ભર્યાની ૩૦ સેકન્ડમાં જ ઝડપથી નીચે આવી ગયુ હતું અને બાદમાં મોટો વિસ્ફોટ થયો હતો આ ઘટનાની નેશનલ ટ્રાન્સપોર્ટેશન સેફટી બોર્ડને તપાસ કરવાનો આદેશ કરાયો છે.

# મોરબીમાં મંજૂરી વિના ગેસ લાઈન નાખી રોડને નુકસાન

## અંડરગ્રાઉન્ડ લાઈનો પાથરવા કોઈ મંજૂરીઓ ન લીધીઃ જિ.પંચાયત દ્વારા ૭ દિવસમાં દંડ ભરવા અલ્ટીમેટમ

**મુખ્ય સમાચાર,મોરબી**

મોરબીમાં ગુજરાત ગેસ કંપની અને વીજ કંપની દ્વારા કોઈપણ પ્રકારની મંજૂરી વગર જિલ્લા પંચાયત હસ્તકના રોડને ગેસ અને વીજ લાઈન પથારવા માટે તોડવામાં આવી હતી જેથી રોડને નુકશાન થયું હતું માટે જિલ્લા પંચાયતના માર્ગ અને મકાન પંચાયત પેટા વિભાગ દ્વારા ગુજરાત ગેસ અને પીજીવીસીએલને ૮૫.૮૬ લાખ રૂપિયા ભરવા માટેની નોટીસ આપવામાં આવી છે.

જિલ્લા પંચાયત માર્ગ અને મકાન પંચાયત પેટા વિભાગના નાયબ કાર્યપાલક ઈજનેરની કચેરી દ્વારા ગુજરાત ગેસ કંપનીને દંડ ભરવા માટે પહેલા તા. ૨૯/૧૦ ના રોજ નોટિસ આપવામાં આવી હતી રવાપર-લીલાપર રોડ જોઈનીંગ રવાપર ઘુનડા રોડ (એસ.પી.રોડ) ૩.૬૦ કરોડના ખર્ચે બનાવવામાં આવ્યો હતો.

જેના બંને બાજુ ડોમેસ્ટિક ગેસ લાઈન નાખવામાં આવી છે અને તેના માટે ખોદકામ કરીને રોડને નુકશાન કર્યુ છે અને કોઈપણ પ્રકારની રીપેરીંગ કામગીરી હાથ ધરવામાં આવી નથી જેથી રોડના રીસ્ટોરેશન કામ માટે રોડને થયેલ નુકશાન માટેનો ખર્ચ આશરે ૭૬,૩૬,૨૦૦ થાય તેમ છે .

જેથી આ દંડની રકમ માર્ગ અને મકાન જીલ્લા પંચાયત વિભાગમાં ડીપોઝીટ પેટે જમા કરાવવા બીજ વખત નોટિસ આપીને જાણ કરવામાં આવી છે અને હવે દંડની રકમ ભરવા માટે ૭ દિવસની મુદત આપવામાં આવેલ છે.

આવી જ રીતે પીજીવીસીએલ કાર્યપાલક ઈજનેરને જિલ્લા પંચાયત બાંધકામ વિભાગમાંથી નોટિસ આપવામાં આવેલ છે જેમાં જણાવ્યુ છે કે, નેશનલ હાઈવેથી ગાળા ગામ સુધી મંજુરી વગર અન્ડર ગ્રાઉન્ડ વીજ કેબલ પાથરવા માટે સાઈડ ફોલ્ડરથી દુર નાખવા માટે જાણ કરવામાં આવી હતી તેમજ વીજ કેબલના કારણે કોઈ અકસ્માત ન થાય તેમજ રસ્તાને ભવિષ્ય આ રસ્તો પહોળો કરવાની પ્રક્રિયામાં નડતરરૂપ ન થાય તે રીતે વીજ કેબલ દુર નાખવા જણાવ્યું હતું.

જો કે, અન્ડર ગ્રાઉન્ડ કેબલની બાજુમાં વર્તુળ હસ્તકની કચેરી દ્વારા કોઈપણ મંજુરી વગર લોખંડના વીજપોલ ઉભા કરાયા છે. અને રોડને નુકશાની થયેલ છે જેથી ૯.૫૦ લાખ દંડ ભરવા માટે




નોટિસ આપવામાં આવેલ છે અને ભવિષ્યમાં માર્ગ અને મકાન વિભાગની કચેરી હસ્તકના રસ્તાઓમાં વગર મંજુરીએ વીજપોલ ન નાખવા જાણ કરવામાં આવેલ છે.

# મોરબીમાં આઈસરે બે ટ્રાફિક પોલીસમેનને ઉડાવ્યા

**મુખ્ય સમાચાર,મોરબી**

મોરબીની મહેન્દ્રનગર ચોકડી પાસેથી રોંગ સાઈડમાં આઈસર લઈને નીકળેલા શખ્સને તેનું વાહન ઉભું રાખવા માટે ટ્રાફિક પોલીસ દ્વારા ઈશારો કરવામાં આવ્યો હતો પણ તે શખ્સ પોતાનું વાહન લઈને ત્યાંથી નાસી ગયો હતો.જેથી ટ્રાફિક પોલીસ બાઈક ઉપર તેની પાછળ તેને પકડવા જતા નેશનલ હાઈવે રોડ ઉપર ચામુંડા હોટલ પાસે આઈસરના ચાલકે બાઈક ઉપર આવેલ ટ્રાફિક પોલીસના જવાનોને હડફેટે લીધા હતા.જેથી બે પોલીસ કર્મચારીઓને ફ્રેક્ચર જેવી ઈજા થતાં બંનેને સારવારમાં લઈ ગયા હતા અને અકસ્માત સર્જીને આઈસર ચાલક પોતાનું વાહન છોડીને નાશી ગયેલ છે જેથી હાલમાં ફરજમાં રૂકાવટ સહિતની કલમો હેઠળ મોરબી બી ડિવિઝન પોલીસ સ્ટેશન ખાતે ગુનો નોંધી પોલીસ આગળની કાર્યવાહી હાથ ધરી છેજાણવા મળતી માહિતી મુજબ મોરબી ટ્રાફિક શાખામાં ફરજ બજાવતા કિશોરભાઈ મનજીભાઈ સોલગામાં (૩૭)એ આઈસર ટ્રક નંબર જીજે ૧ સીઝેડ ૯૩૨૪ ના ચાલક સામે મોરબી બી ડિવિઝન પોલીસ સ્ટેશન ખાતે ફરિયાદ નોંધાવી છે જેમાં જણાવ્યું છે કે,



મહેન્દ્રનગર ચોકડી પાસે તેઓ પોતાની ફરજ ઉપર હતા અને ટ્રાફિકની કામગીરી કરી રહ્યા હતા દરમિયાન આરોપી પોતાનું આઈસર રોંગ સાઈડમાં ચલાવીને નીકળ્યો હતો.

જેથી તેને આઈસર ટ્રક ઉભો રાખવા માટે થઈને ઈસારો કર્યો હતો જોકે આઈસર ટ્રકના ચાલકે ફરિયાદીની નજીક સુધી પોતાનું વાહન લઈ આવીને ત્યાંથી કાવો મારીને આઈસર લઈને તે ભાગી ગયો હતો. જેથી ફરિયાદી તથા અન્ય પોલીસ કર્મચારી બાઈક ઉપર આઈસર ટ્રકની પાછળ ગયા હતા અને ત્યારે આઈસર ટ્રકના ચાલકે યુટર્ન લેતા ફરિયાદી તથા સાહેદને મારી નાખવાના ઈરાદે તેઓના બાઈકને હડફેટે લીધું હતું જેથી ફરિયાદીને ડાબા ખભામાં તથા તેની સાથે રહેલા પોલીસ કર્મચારીને ડાબા પગની ઘૂટીમાં ફ્રેક્ચર જેવી ઈજાઓ થઈ હતી. જોકે આ અકસ્માત સર્જીને આઈસર ટ્રકનો ચાલક વાહન સ્થળ ઉપર છોડીને નાસી ગયો હતો જેથી ઈજા પામેલ બંને પોલીસ કર્મચારીઓને સારવાર માટે હોસ્પિટલમાં લઈને આવ્યા હતા.

ત્યારબાદ હાલમાં ટ્રાફિક શાખાના પોલીસ જવાન દ્વારા નોંધાવવામાં આવેલ ફરિયાદ આધારે પોલીસની ફરજમાં રૂકાવટ સહિતની કલમો હેઠળ ગુનો નોંધીને અકસ્માત સર્જીને નાસી છૂટેલા આઈસર ટ્રકના ચાલકને પકડવા તજવીજ શરૂ કરેલ છે.

# સૈનિક સ્કૂલ બાલાચડીમાં ઈન્ટર હાઉસ ઓબસ્ટિકલ સ્પર્ધાનું કરાયું આયોજન

**મુખ્ય સમાચાર,જામનગર**

જામનગરની સૈનિક સ્કૂલ બાલાચડીમાં તાજેતરમાં ઈન્ટર હાઉસ ઓબસ્ટિકલ સ્પર્ધા ૨૦૨૪-૨૫નું આયોજન કરવામાં આવ્યું હતું. આ એક અનોખી સ્પર્ધા છે જે સૈનિક સ્કૂલ બાલાચડી કેડેટ્સની શારીરિક અને માનસિક શક્તિ ચકાસવા માટે આયોજિત કરે છે.પાંચ સિનિયર હાઉસના ધોરણ ૦૯થી ૧૨ સુધીના કેડેટ્સે સ્પર્ધામાં ભાગ લીધો હતો. લગભગ તમામ કેડેટ્સે સ્ટ્રેટ બેલેન્સ, ગેટ વોલ્ટ, એલ્બો લિફ્ટ, ઝિગ ઝેગ બેલેન્સ, ડબલ ડિચ, બર્મા બ્રિજ, એઈટ ફીટ વોલ, સ્ક્રેમ્બલ નેટ, મંકી રોપ, વર્ટિકલ રોપ, ક્રોલ અને રેમ્પ જેવા તમામ અવરોધોને સફળતાપૂર્વક પાર કર્યા હતા. કઠિન સ્પર્ધા પછી, આંગ્રે હાઉસે ઈન્ટર હાઉસ ઓબસ્ટિકલ સ્પર્ધા ૨૦૨૪-૨૫ જીતી અને ચેમ્પિયનશિપ ટ્રોફી જીતી જ્યારે શિવાજી હાઉસ રનર્સ-અપ બન્યું.

આંગ્રે હાઉસે ૧૮ મિનિટ ૧૧ સેકન્ડમાં સ્પર્ધા પૂર્ણ કરી. વ્યક્તિગત પોઝિશનમાં અનુક્રમે પ્રથમ કેડેટ પંકજ, દ્વિતીય કેડેટ જય માણેક અને કેડેટ રુદ્રએ તૃતીય સ્થાન મેળવ્યું.

સભાને સંબોધતા, સૈનિક સ્કૂલ બાલાચડીના કાર્યકારી પ્રિન્સિપાલ લેફ્ટનન્ટ કર્નલ હરજોત કૌરે જણાવ્યું હતું કે, નઆઈન્ટર હાઉસ ઓબસ્ટિકલ સ્પર્ધાનું આયોજન કરવાનો ઉદ્દેશ્ય કેડેટ્સને તેમની સહનશક્તિ, તેમના



આયોજન અને નિર્ણય, તેમની ક્ષમતાઓનું અન્વેષણ કરવાની અને અંતે પોતાને ફિટનેસ શોધવાની તક આપવાનો છેસ્ન. તેમણે એ પણ કહ્યું કે ભાગીદારી વધુ મહત્વપૂર્ણ છે અને આ સ્પર્ધા નો વિચાર કેડેટ્સને પડકારો માટે તૈયાર કરવાનો છે. તેમણે કેડેટ્સ દ્વારા પ્રદર્શિત જૂથ ભાવનાની પ્રશંસા કરી અને કેડેટ્સને ક્યારેય હાર ન માનવાની સલાહ આપી.

આ પ્રસંગે, અધિકારીઓ અને સ્ટાફે વિજેતાઓને અભિનંદન આપ્યા અને કેડેટ્સ દ્વારા કરવામાં આવેલા પ્રયત્નોની પ્રશંસા કરી.

# જૂનાગઢની કાથરોટા માધ્યમીક શાળાના વિધાર્થીઓને બી.આઈ.એસ.દ્વારા ઈન્ડસ્ટ્રીયલ એક્સપોઝર મુલાકાત






કાથરોટા તેમજ અન્ય ચાર શાળાના ધોરણ ૯ના વિદ્યાર્થીઓને જૂનાગઢ જી.આઈ. ડી. સી.૨ માં આવેલ પાર્થ પોલિવોવેન પ્રાઈવેટ લી. ( પાર્થ પોલીવન પ્રાઈવેટ લિમિટેડ ) કંપનીની બી.આઈ. એસ. દ્વારા માહિતીસભર મુલાકાત કરાવી હતી આ ઈન્ડસ્ટ્રીયલ એક્સપોઝર મુલાકાતમાં ચાર સ્કુલના વિદ્યાર્થીઓ તેમજ મેન્ટર શિક્ષકો જોડાયા હતા બી.આઈ. એસ.ના સ્ટાન્ડર્ડ પ્રમોશન અધિકારીશ્રી અમન સિંગજીના માર્ગદર્શન હેઠળ કાર્યક્રમ યોજાયા હતો તેમના અન્ય અધિકારી શ્રી ઈરફાન મલેકની માર્ગદર્શક હાજરી રહી હતી ઈન્ડસ્ટ્રીના જવાબદારી સ્ટાફ તેમજ માલીકો દ્વારા લેબોરેટરી તેમજ મશીનરીની ઉત્તમ માહિતી બાળકોને આપવામાં આવી હતી દરેક વિભાગની અંદર બાળકોએ પોતાની નોટબુકમાં એની નોંધ પણ કરી હતી શાળાના ગણિત વિજ્ઞાન શિક્ષક બલદેવપરી મેન્ટલ તરીકે હાજર રહ્યા હતા , તેમજ પાર્થ પોલિવોવેન પ્રાઈવેટ લી.ના શ્રી કિશનભાઈ ઢોલરીયા એ પણ બાળકોને માર્ગદર્શન પૂરું પાડ્યું હતું. જેમાં અલગ અલગ સ્તરે પ્લાસ્ટિકનો કેવી રીતે ઉપયોગ થાય તેની મેન્યુફેક્ચર કેવી રીતે થાય કાચા માલથી લઈ અને ખાદ્ય પદાર્થમાં વપરાતું પ્લાસ્ટિકની પ્રેક્ટીકલ માહિતી આપી હતી બાળકોને આવા ઈન્ડસ્ટ્રીયલ મુલાકાતથી નવા સપનાઓ અને પાયાની માહિતી મળી રહે છે આ બીએસઆઈ નો સારો એવો પ્રયાસ બાળકો માટે ભવિષ્યમાં પણ ઊપયોગી બની રહેશે જો કે આજે બીએસઆઈ દ્વારા જૂનાગઢ જિલ્લામાં આવેલી ૨૦ જેટલી શાળાઓની જુદી જુદી કંપનીમાં મુલાકાત ગોઠવવામાં આવી હતી

# હાલારમાં છેલ્લા પાંચ દિવસમાં કુલ ૩ કરોડથી વધુની વીજ ચોરી પકડાઈ

**મુખ્ય સમાચાર,જામનગર**

જામનગર તેમજ દેવભૂમિ દ્વારકા જિલ્લામાં ગત સોમવારથી વીજ તંત્ર દ્વારા પુન વીજ ચેકિંગની કામગીરી શરૂ કરાયા બાદ ગઈકાલે શુક્રવાર સુધીના પાંચ દિવસના વીજ ચેકિંગ દરમિયાન કુલ ૩ કરોડ ૧૧ લાખની વીજ ચોરી પકડી લેવામાં આવી છે.

ગઈકાલે શુક્રવારે જામનગર જિલ્લાના કાલાવડ તાલુકાના ગ્રામ્ય વિસ્તારો ઉપરાંત લાલપુર ગ્રામ્ય વિસ્તાર તથા ખંભાળિયાના ગ્રામ્ય વિસ્તારમાં વિજ ચેકિંગ કરવામાં આવ્યું હતું. કુલ ૪૭ જેટલી વીજચેકિંગ ટુકડીને મેદાનમાં ઉતારવામાં આવી હતી, જેની મદદ માટે એસઆરપીના ૧૨ જવાનો, ૧૯ પોલીસ કર્મચારી તથા ૩ વીડિયોગ્રાફરને જોડવામાં આવ્યા હતા.ગઈકાલે કુલ ૫૪૬ વીજ જોડાણ તપાસવામાં આવ્યા હતા. જેમાંથી ૯૩ વીજ જોડાણમાં ગેરરીતિ જોવા મળતાં આવા આસામીઓને કુલ રુ.૪૮.૨૦ લાખનાં વીજ ચોરીના પુરવણી બિલ આપવામાં આવ્યા હતા.



# હબિયાસર પ્રાથમિક શાળાના વિદ્યાર્થીઓએ ચોટીલાની સરકારી કચેરીઓની મુલાકાત લીધી



(અહેવાલ મોહસીનખાન ડી. પઠાણ)

ચોટીલા તાલુકાની હબિયાસર પ્રાથમિક શાળાના વિદ્યાર્થીઓ તથા વિદ્યાર્થીનીઓએ પ્રથમ વાર ચોટીલા પોલીસ સ્ટેશન, ચોટીલા નગર પાલિકા, ચોટીલા પોસ્ટ ઓફિસ, સ્ટેટ બેંક ઓફ ઈન્ડીયા અને ચોટીલા ન્યાયલય(કોર્ટ) બિલ્ડિંગની મુલાકાત લઈને પ્રજાલક્ષી કાર્યોની વિદ્યાથીઓને માહિતી આપવામાં આવી હતી. ત્યાર બાદ નવા સુરજદેવળ મંદિર ખાતે મુલાકાત કુદરતી ભોજન લીધી હતું. હબિયાસર પ્રાથમિક શાળાની આ પહેલથી શાળાના વિદ્યાર્થીઓને જ્યારે કોઈ સરકારી કચેરીનું કામ પડશે ત્યારે આ મુલાકાત ખૂબ ઉપયોગી બની રહેશે આમ જીવન પ્રયત આ મુલાકાત બાળકો માટે એક સોનેરી સંભારણું નાની રહેશે.

# મોરબીમાં અપહરણ સાથે દુષ્કર્મના વોન્ટેડ આરોપીને ઓરિસ્સાથી દબોચી લેતી બી ડિવિઝન પોલીસ



મોરબી સીટી બી ડિવિઝન દ્વારા અપહરણ સાથે બળાત્કારના ગુનામાં સંડોવાયેલ આરોપી કે જે છેલ્લા સાત વર્ષથી આ ગુનામાં નાસતો ફરતો હોય તે આરોપીને પૂર્વ બાતમીને આધારે ઓરીસ્સા રાજ્યમાંથી પકડી લઈ હસ્તગત કરવામાં આવ્યો છે. મોરબી સીટી બી ડિવિઝન પોલીસ મથકમાં નોંધાયેલ વર્ષ ૨૦૧૮ ના પોકસો, અપહરણનો ગુનાના નાસતા ફરતા આરોપી ચક્રધાર કેસવરણ કાનોચરણ ઓઝા ઓરીસ્સા વાળાનું પો.કોન્સ. શૈલેષભાઈ રવજીભાઈને ટેકનીકલ તથા હ્યુમન સોર્સીસના આધારે આરોપીનુ લોકેશન મેળવ્યુ હોય જે આધારે બી ડિવિઝન પોલીસ ટીમના હેડ કોન્સ. ભરતદાન કિરીટદાન,કોન્સ. રાજપાલસિંહ રામદેવસિંહ તથા દેવાયતભાઈ પ્રભાતભાઈએ આરોપી ચક્રધાર કેસવરણ કાનોચરણ ઓઝા ઉવ.30 રહે.મોજીખંડી ખીરકોણ તા.જી. બાલેશ્વર રાજ્ય ઓરીસ્સા વાળાને ઓરીસ્સા ખાતેથી પકડી પાડી હસ્તગત કરી આરોપી વિરૂધ્ધ કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

# વાંકાનેર તાલુકા પોલીસે પ્રોહીબીશનના ગુનામાં ૩ વર્ષથી નાસતા ફરતા આરોપીને પકડી પાડ્યો



વાંકાનેર તાલુકા પોલીસે વર્ષ ૨૦૨૧ના પ્રોહિબીશનના ગુનામાં છેલ્લા ૩ વર્ષથી નાસતા ફરતા આરોપીને પકડી કાયદેસરની કાર્યવાહી કરી છે. જેમાં પોકેટકોપ એપના ડેટાના આધારે આરોપી બનાસકાંઠાના અમીરગઢમાં હોવાનું જાણવા મળતા ટ્રાન્સફર વોરંટ મેળવી તેની ધરપકડ કરવામાં આવી છે. મોરબી જીલ્લા પોલીસ અધિક્ષક રાહુલ ત્રિપાઠીના માર્ગદર્શન હેઠળ જીલ્લામાં નાસતા ફરતા આરોપીઓને પકડી પાડવા માટે સૂચના અપાઈ હતી જે અંતર્ગત, વાંકાનેર તાલુકા પોલીસ સ્ટેશનમાં ૨૦૨૧ માં નોંધાયેલા પ્રોહીબીશનના એક કેસમાં આરોપી વિનોદકુમાર મુસારામ ગુજ્જર (રહે. પુરનનગર, તાલુકો કોટપુતલી, જીલ્લો જયપુર, રાજસ્થાન) નાસતો ફરતો હતો. જેને પોકેટકોપમા સર્ચ કરતા આરોપી પ્રોહીબીશનના અન્ય ગુનામાં અમીરગઢ પોસ્ટે જી.બનાસકાંઠામા અટક કરેલ હોવાનુ જણાય આવતા તુરત જ વાંકાનેર તાલુકા પોલીસ દ્વારા આરોપીનુ ટ્રાંન્સફર વોંરટ ઈસ્યુ કરાવી આરોપીનો કબ્જો મેળવી વાંકાનેર તાલુકા પોલીસ મથક ખાતે લાવી અટક કરી કાયદેસરની કાર્યવાહી કરવામા આવી છે.

# જામનગર માર્કેટીંગ યાર્ડમાં ફક્ત ૫૧૦૦ ખેડૂતોની મગફળીની ટેકાના ભાવે ખરીદી



જામનગર માર્કેટીંગ યાર્ડમાં ફકત ૫૧૦૦ ખેડૂતોની મગફળીની ટેકાના ભાવે ખરીદી.જામનગર માર્કેટ યાર્ડમાં કાર્યરત ટેકાના ભાવે ખરીદી કેન્દ્રમાં અત્યાર સુધીમાં ફકત ૫૧૦૦ ખેડૂતની મગફળીની ખરીદી કરવામાં આવી છે. શુક્રવારે રાજ્યના કૃષિમંત્રીએ મગફળી ખરીદ કેન્દ્રની મુલાકાત લઈ ખેડૂતો સાથે સંવાદ કર્યો હતો.મુલાકાત દરમિયાન મંત્રીએ જણાવ્યું હતું કે, બાકી રહેલા ખેડૂતોની મગફળીની ખરીદીની કામગીરી ચાલુ છે. એક ખાતેદાર ખેડૂત પાસેથી સરકાર દ્વારા ૨૦૦ મણ મગફળી ખરીદવામાં આવે છે. આ તકે હાપા માર્કેટિંગ યાર્ડના હોદ્દેદારો અને અગ્રણીઓ હાજર રહ્યા હતા.

# મોરબી જલારામ મંદિર ખાતે ૪ ફેબ્રુઆરીએ વિનામુલ્યે નેત્રમણી-નેત્રયજ્ઞ કેમ્પ યોજાશે

## અજયભાઈ લોરીયા(સેવા એ જ સંપતિ ફાઉન્ડેશન)પરિવારના સહયોગથી જરૂરિયાતમંદ દર્દીઓ માટે નિઃશુલ્ક આંખની સારવાર અને ઓપરેશન

**મુખ્ય સમાચાર,મોરબી**

મોરબીના શ્રી જલારામ પ્રાર્થના મંદિરે, ૪ ફેબ્રુઆરી ૨૦૨૫ મંગળવારે સવારે ૯ થી ૧૨ દરમિયાન વિનામુલ્યે નેત્રમણી-નેત્રયજ્ઞ કેમ્પ યોજાશે. આ કેમ્પ શ્રી રણછોડદાસજી બાપુ ચેરીટેબલ હોસ્પીટલ-રાજકોટ, શ્રી જલારામ પ્રાર્થના મંદિર-મોરબી અને આંતરરાષ્ટ્રીય હિન્દુ પરિષદ-મોરબી દ્વારા દર મહિને ૪ તારીખે આયોજિત થાય છે. અત્યાર સુધી ૪૦ કેમ્પમાં ૧૧,૮૦૬ લોકો લાભ લઈ ચૂક્યા છે અને ૫,૩૯૦ દર્દીઓના સફળ નેત્રમણી ઓપરેશન થયા છે.

મોરબી શ્રી જલારામ સેવમંડળ પ્રમુખ અને આંતરરાષ્ટ્રીય હિન્દૂ પરિષદના મંત્રી નિર્મિતભાઈ કક્કડની પ્રેસ યાદીમાં જણાવ્યા અનુસાર મોરબીના શ્રી જલારામ પ્રાર્થના મંદિર, અયોધ્યાપુરી રોડ ખાતે આગામી ૪ ફેબ્રુઆરી ૨૦૨૫ મંગળવારે વિનામુલ્યે નેત્રમણી-નેત્રયજ્ઞ કેમ્પ યોજાશે. આ કેમ્પ અજયભાઈ લોરીયા (સેવા એ જ સંપતિ ફાઉન્ડેશન) પરિવારના સહયોગથી યોજાવાનો છે.

આ કેમ્પમાં શ્રી રણછોડદાસજી બાપુ ચેરીટેબલ હોસ્પિટલ-રાજકોટના નિષ્ણાત ડોકટરો ડો. બળવંતભાઈ, ડો. સુદામા, હેમુભાઈ પરમાર અને નિલેશભાઈ રાઠોડ દર્દીઓની આંખોની તપાસ કરશે. તેમજ ફેકો મશીન દ્વારા ટાંકા વગરનું સોફ્ટ ફોલ્ડેબલ લેન્સ (નેત્રમણી) સાથે નિઃશુલ્ક ઓપરેશન કરવામાં આવશે. કેમ્પમાં આવતા દર્દીઓ માટે રાજકોટ જવા-આવવા, રહેવા, જમવા, ચા-પાણી, નાસ્તા, ચશ્મા અને આંખના ટીપાં જેવી તમામ સુવિધાઓ સંપૂર્ણપણે વિનામુલ્યે ઉપલબ્ધ રહેશે.

કેમ્પમાં એડવાન્સ બુકિંગની જરૂર નથી, અને દર્દીઓએ માત્ર આધાર કાર્ડ લાવવું જરૂરી છે. વધુ માહીતી માટે ગીરીશભાઈ ઘેલાણી-૯૮૨૫૦૮૨૪૬૮, નિર્મિતભાઈ કક્કડ-૯૯૯૮૮૮૦૫૮૮, હરીશભાઈ રાજા-૯૮૭૯૨૧૮૪૧૫, અનિલભાઈ સોમૈયા-૮૫૧૧૦૬૦૦૬૬ ના મોબાઈલ નંબર ઉપર સંપર્ક કરવા સંસ્થાએ યાદીમા જણાવ્યુ છે. અત્રે ઉલ્લેખનીય છે કે ગત ૪૦ માસ દરમિયાન યોજાયેલ કેમ્પમા કુલ ૧૧૮૦૬ લોકો એ લાભ લીધો હતો તેમજ ૫૩૯૦ લોકો ના વિનામુલ્યે નેત્રમણીના સફળ ઓપરેશન થયા હતા.

# પડધરી નજીક બંધ ટ્રક પાછળ એક્ટિવા ઘુસી જતા માતા-પુત્રનું મોત

પડધરીના સરપદડ ગામ પાસે રોડ પર ઉભલા બંધ ટ્રક પાછળ એકટીવા ટકરાતાં ઘટના સ્થળે જ માતા-પુત્રનું કમ કમકમાટીભર્યું મોત નીપજયું હતું. બનાવ અંગે જાણ થતાં પડધરી પોલીસ સ્ટાફ દોરી જઈને જરૂરી કાર્યવાહી હાથ ધરી હતી. વિગતો મુજબ સરપદડ ગામે રહેતાં અને મજુરીકામ કરતા મુળ ટંકારાનાહરબટીયાળી ગામના ભાવેશ હિરાભાઈ ચૌહાણ (ઉ.વ.૨૩) તથા તેના માતા બાલુબેન એકટીવા બાઈક પર સરપદડથી મેટોડા જઈ રહ્યા હતા ત્યારે રાત્રીના બંધ હાલતમાં ઉભેલ ટ્રક પાછળ બાઈક ઘુસી જતા એક્ટિવા ચાલક ભાવેશભાઈ તથા તેની માતા બાલુબેનને ગંભીર ઈજા પહોંચતા ઘટના સ્થળે જ મોત નીપજયા હતા. બનાવ બાદ ટ્રક ચાલક નાસી છૂટ્યો હતો. પોલીસે અકસ્માતમાં મોતને ભેટેલા બંને માતા-પુત્રની લાશને પી.એમ. માટે પડધરી હોસ્પીટલમાં ખસેડાયેલ બનાવ અને મૃતક ભાવેશના ભાઈ ધનાભાઈ ચૌહાણની ફરિયાદના આધારે ટ્રક ચાલક વિરૂદ્ધ ગુન્હો નોધી વધુ તપાસ હાથ ધરી છે.

# માળીયા(મી)ના ખોડવાસમાં વર્લીમટકાના આંકડાનો જુગાર રમતા એક પકડાયો

માળીયા(મી)ના ખોડવાસ વાળી શેરીના નાકા પાસેથી વર્લી ફિચર્સના આંકડાનો જુગાર રમતા એક ઈસમને પોલીસ દ્વારા પકડી લેવામાં આવ્યો છે, જેમાં માળીયા(મી) પોલીસ ટીમ પેટ્રોલિંગમાં હોય તે દરમિયાન ઉપરોક્ત સ્થળેથી આરોપી અયુબભાઈ ઉમરભાઈ સામતાણી ઉવ.૩૨ રહે.માળીયા(મી)ના કોળીવાસ વિસ્તાર વાળાને વર્લી ફિચર્સના અલગ અલગ આંકડાઓ લખીને નસીબ આધારિત પૈસાની હારજીતનો જાહેરમાં જુગાર રમતા રોકડા રૂ.૫૨૦/-સાથે પકડી લેવામાં આવી તેની વિરુદ્ધ ગુનો દાખલ કરી ધોરણસરની કાર્યવાહી હાથ ધરી છે.

# ૧૦૦ મી. કરતા ઊંચી બિલ્ડિંગમાં દર પાંચ પછી એક માળ ખાલી રાખવો પડશે

## હાઈરાઈઝ બિલ્ડિંગમાં ફાયર એનઓસી આપવા માટે તમામ શરતોનું પાલન થશે તો જ મંજૂરી આપવાનું સરકારનું હાઈકોર્ટમાં સોગંદનામું

**મુખ્ય સમાચાર,રાજકોટ**

રાજકોટ ટીઆરપી ગેમ ઝોન અને ફાયર સેફ્ટીના મુદ્દે ચાલી રહેલા કેસની સુનાવણીમાં હાઇકોર્ટના ચીફ જસ્ટિસની ખંડપીઠે ઓથોરિટીને નિર્દેશ આપ્યા છે કે આગામી સુનાવણીમાં રાજ્યના મનપા સહિતના વિસ્તારોમાં ફાયર વિભાગના અધિકારીઓ અને કર્મચારીઓની ભરતીનો પ્લાન રજૂ કરવામાં આવે.

ભરતી અંગેનો પ્રગતિ અહેવાલ રજૂ કરવામાં આવે. દરમિયાન કેસની સુનાવણીમાં સરકાર તરફથી રજૂઆત કરવામાં આવી હતી કે નવી હાઇરાઇઝ (બહુમાળી) ઈમારતોને હાલ ફાયર એનઓસી આપવામાં આવી નથી.

૧૦૦ મીટર કરતાં વધુ ઊંચાઈ વાળી ઈમારતોને હજુ ફાયર એનઓસી અપાઈ નથી. જોકે સામાન્ય રીતે આવી ઈમારતોમાં દર પાંચ માળ પછી એક માળ રેફ્યુઝ એરિયા તરીકે ખાલી રાખવામાં આવે છે. જેથી કોઈ પણ પ્રકારની દુર્ઘટનાના સમયે લોકોને સરળતાથી બચાવી શકાય. ફાયર વિભાગ પાસે આટલી ઊંચી ઈમારતો સુધી પહોંચીને રેસ્ક્યૂ ઓપરેશન માટેની સીડી હોતી નથી. પરંતુ હાઇડ્રોલિક પ્લેટફોર્મ દ્વારા રેસ્ક્યૂ કરવામાં આવે છે.રાજકોટ અને અમદાવાદ જેવા શહેરોમાં સિનિયર ફાયર ઓફિસરોની ખાલી જગ્યા અંગે પણ હાઈકોર્ટ ચિંતા વ્યક્ત કરી હતી.



આ મુદ્દે વધુ સુનાવણી ૨૧મી માર્ચના રોજ યોજાશે.

અગાઉની સુનાવણીમાં ફાયર વિભાગમાં ખાલી જગ્યાઓ અંગે સરકારી વકીલે જણાવ્યું હતું કે ફાયર વિભાગમાં ભરતીઓ કરાઈ રહી છે. નવા ફાયર સ્ટેશન બનાવવાની ટાઇમ લાઈન અપાઈ છે. જો કે ટાઇમ લાઈન મુજબ રાજકોટ ફાયર સ્ટેશન વર્ષ ૨૦૨૬, ભાવનગર ફાયર સ્ટેશન વર્ષ ૨૦૨૮ અને વડોદરા ફાયર સ્ટેશન વર્ષ ૨૦૨૮માં બનશે.અત્રે ઉલ્લેખનીય છે કે રાજકોટ ટીઆરપી ગેમઝોડન કાંડ બાદ હાઈકોટમાં સુવોમોટો અરજી દાખલ થઈ હતી અને શિવાનંદ હોસ્પિટલમાં આગ દુર્ઘટના બાદ પણ હાઈકોર્ટમાં ફાયર સેફ્ટી મુદ્દે સુનાવણી ચાલતી હતી. હાઈકોર્ટે કડક વલણ અપનાવતા અનેક ગાઈડલાઈન જાહેર કરી હતી અને તેનું પાલન કરવા માટે સરકારને પણ આદેશ આપ્યા હતાં. રાજ્યની બધી મહાનગરપાલિકાઓ તેમજ નગરપાલિકાઓને આ ગાઈડલાઈનનું પાલન થયા ત્યારબાદ જ પરવાનગી આપવામાં આવે તેવા હુકમ કર્યા હતાં.

### ૧૫૦ મીટર ઊંચી બિલ્ડિંગને મંજૂરી આપો છો પણ આગ લાગે તો શું કરશો : હાઈકોર્ટ

**અમદાવાદ મનપાના ફાયર વિભાગમાં ૨૦૮ તો ગાંધીનગર મનપા ફાયર વિભાગમાં ૮૧ જગ્યાઓ ખાલી છે. વધુમાં રાજ્યમાં ખાલી જગ્યાઓ પૈકી ચીફ અને એડિશનલ ફાયર ચીફ ઓફિસરની જગાઓ ખાલી છે. કોર્ટે પ્રશ્ન કર્યો હતો કે અમદાવાદ, સુરત, બરોડા અને રાજકોટ જેવા મોટા શહેરોમાં ૧૩૦ મીટર ઊંચી બિલ્ડિંગ બાંધવા મંજૂરી અપાય છે. અમદાવાદમાં તો ૧૫૦ મીટર ઊંચી બિલ્ડિંગ બાંધવા મંજૂરી અપાય છે. તો કોઈ દુર્ઘટના બને તો ત્યાં ફાયર વિભાગ કેવી રીતે પહોંચશે? જેથી કોર્ટને જણાવાયું હતું કે ગાંધીનગર ગિફ્ટ સિટીમાં પણ ૪૨ માળની બિલ્ડિંગ છે. તે મુજબના ફાયર સેફ્ટી ઉપકરણો વસાવવામાં આવશે.**

# દ્વારકા - ઓખા મંડળના નિર્જન ટાપુ - દરિયામાં ઘનિષ્ઠ પેટ્રોલિંગ

## રાષ્ટ્ર વિરોધી પ્રવૃત્તિની હિલચાલ પકડવા પોલીસનું કોમ્બીંગ : મંજૂરી વગર ફરતા તત્વો ગુમ : પકડાયેલા સામે પગલા

**મુખ્ય સમાચાર,રાજકોટ**

સમગ્ર રાજ્યમાં વિશાળ દરિયાકાંઠો ધરાવતા અને પાકિસ્તાનની દરિયાઈ સરહદથી ખૂબ જ નજીક આવેલા દેવભૂમિ દ્વારકા જિલ્લામાં આવેલા ૨૨ ટાપુઓ પૈકી નિર્જન અને સંવેદનશીલ એવા ટાપુઓ પરથી વર્ષો અગાઉ અનધિકૃત પ્રવૃત્તિ તેમજ હિલચાલના બનાવ પ્રકાશમાં આવ્યા હતા.

ત્યારે રાજ્ય સરકાર દ્વારા અપનાવવામાં આવેલા કડક અભિગમ સંદર્ભે દેવભૂમિ દ્વારકા જિલ્લા પોલીસ દ્વારા અહીંના મહત્વના એવા દરિયા કિનારા વિસ્તારમાં કોમ્બિંગ કાર્યવાહી કરાવી હતી.

દેવભૂમિ દ્વારકા જિલ્લા પોલીસ વડા નિતેશ પાંડેય દ્વારા સંવેદનશીલ એવા દેવભૂમિ દ્વારકા જિલ્લાના દરિયા કિનારા નજીક આવેલા નિર્જન ટાપુઓ કે જ્યાં કોઈ પણ અવરજવર કે પ્રવૃત્તિની સઘન પ્રતિબંધિત છે, ત્યારે અહીંથી કોઈ અસામાજિક તત્વો દ્વારા ગેરકાયદેસર કે રાષ્ટ્ર વિરોધી પ્રવૃત્તિ ન કરવામાં ન આવે તે હેતુથી જુદા જુદા વિસ્તારમાં આવેલા નિર્જન ટાપુઓ પર દેવભૂમિ દ્વારકા જિલ્લા પોલીસ વડા નિતેશ પાંડેયની સીધી દેખરેખ હેઠળ સઘન કોમ્બિંગ હાથ ધરવામાં આવ્યું હતું.

જે અંતર્ગત અહીંના ઈન્ચાર્જ પોલીસ અધિક્ષક ડો. હાર્દિક પ્રજાપતિ સાથે ડીવાયએસપી સાગર રાઠોડ, એસ.ઓ.જી. વિભાગના પી.આઈ. પ્રશાંત સીંગરખીયા દ્વારા આયોજનબદ્ધ રીતે દરિયાઈ વિસ્તારમાં આવેલા અલગ અલગ ટાપુઓ પર એસ.ઓ.જી. વિભાગ, મરીન ટાસ્ક ફોર્સ અને ઓખા મરીન પોલીસની ટીમએ એસ.આર.ડી.ના જવાનોને સાથે રાખીને કોમ્બિંગ હાથ ધરવામાં આવ્યું હતું.

આ સમગ્ર પોલીસ કામગીરીના ડ્રોન વિડિયો સોશિયલ મીડિયામાં વાયરલ થયા છે. ત્યારે દેવભૂમિ દ્વારકા જિલ્લા પોલીસ દ્વારા પ્રથમ વખત કરવામાં આવેલી આ પ્રકારની કડક અને નોંધપાત્ર કાર્યવાહી જિલ્લાના નગરજનોમાં આવકારદાયક બની રહી છે.

પશ્ચિમના છેવાડાના એવા દેવભૂમિ દ્વારકા જિલ્લાના સંવેદનશીલ દરિયાઈ વિસ્તારોમાં પોલીસ તંત્ર દ્વારા છેલ્લા કેટલાક સમયથી સઘન તપાસ, ચેકિંગ તેમજ ડિમોલિશન અંગેની કાર્યવાહી કરવામાં આવી રહી છે. જે અંતર્ગત તાજેતરમાં જિલ્લા પોલીસ વડા નિતેશ પાંડેયની સૂચના મુજબ ઓખા મરીન પોલીસ મથકના સ્ટાફ દ્વારા અલગ અલગ ટીમો બનાવીને દેવભૂમિ દ્વારકાના



પ્રતિબંધિત ટાપુઓમાં પેટ્રોલિંગ કાર્યવાહી કરવામાં આવી હતી.

આ ઉપરાંત અહીંના વિશાળ દરિયા કિનારા વિસ્તારમાં માછીમારી કરતી તમામ ફિશિંગ બોટનું ચેકિંગ પણ કરવામાં આવ્યું છે. આ સાથે જિલ્લાના પ્રતિબંધિત ટાપુઓ પર અવર-જવર કરતા લોકોની તપાસ સંદર્ભે કરવામાં આવેલી કામગીરીમાં અહીં ઝડપાયેલા લોકો સામે કાયદેસરની કાર્યવાહી પણ કરવાની તજવીજ હાથ ધરાઈ છે.

# દુષ્કર્મ કેસમાં મુખ્ય સૂત્રધારને ૨૦ વર્ષ અને મદદગારને ૧૦ વર્ષની સજા ફટકારતી કોર્ટ

**■ સગીરાને હવસનો શિકાર બનાવવાના પોક્સો એક્ટના ગુનામાં ધરપકડ થઈ તી**

**મુખ્ય સમાચાર,રાજકોટ**

રાજકોટમાં આવેલા ઢેબર રોડ ઉપર રહેતા પરિવારની સગીર પુત્રી ઉપર દુષ્કર્મ આચરવાના ગુનામાં આરોપીને અદાલતે આરોપીને ૨૦ - વર્ષની સજા અને રૂ.૨૨ હજારનો દંડ તેમજ મદદગાર શખ્સને ૧૦ - વર્ષની સજા અને રૂ.૫,૦૦૦ નો દંડ ફટકારી ભોગ બનનાર સગીરાને રૂ.૭ લાખનું વળતર ચૂકવવા હુકમ કર્યો છે. આ કેસની હકીકત મુજબ રાજકોટમાં ઢેબર રોડ ઉપર રહેતા - પરિવારની સગીર પુત્રીને જામનગર રોડ ઉપર આવેલા બજરંગવાડી વિસ્તારમાં રહેતા વિશાલ ચનાભાઈ પરમાર નામના શખ્સે લલસાવી ફોસલાવી આરોપી હુસેનશાહ રફિકભાઈ શાહમદારના રૂમ ખાતે લઈ જઈ દુષ્કર્મ આચર્યું હોવાની ભોગ બનનાર સગીરાના પિતાએ બંને શખ્સ વિરુદ્ધ ભક્તિનગર પોલીસ મથકમાં ફરિયાદ નોંધાવી હતી. ફરિયાદના આધારે પોલીસે બંને આરોપીની ધરપકડ કરી જેલ હવાલે કર્યા હતા. જે કેસમાં તપાસ અધિકારી દ્વારા બંને આરોપીઓ વિરુદ્ધ પૂરતો પુરાવો મળતા કોર્ટમાં ચાર્જશીટ રજૂ કરવામાં આવ્યું હતું. ચાર્જશીટ બાદ કેસ સ્પે. પકસો કોર્ટમાં ચાલવા ઉપર આવતા આરોપીઓ વિરુદ્ધ ભોગ બનનાર સગીરાએ રેકર્ડ પર સમગ્ર ઘટનાની હકીકત જણાવી હતી તેમજ ફરિયાદ પક્ષે તેના ભોગ ભનનાર સગીરાના પિતા, મેડિકલ ઓફિસર અને પોલીસ અને સાહેદોને તપાસવામાં આવ્યા હતા. આ ઉપરાંત સરકાર પક્ષે રોકાયેલા સરકારી વકીલ દ્વારા કરવામાં આવેલી દલીલ અને ટાંકેલા ઉચ્ચ અદાલતના ચુકાદાને ધ્યાને લઈ સ્પે. પોકસો કોર્ટે બંને આરોપીને




તકસીરવાન ઠેરવી મુખ્ય આરોપી વિશાલ પરમારને ૨૦ વર્ષની સજા અને રૂ. ૨૨ હજારનો તેમજ મદદગારી કરનાર હુસેનશાહ શાહમદારને ૧૦ વર્ષની સખત કેદની સજા અને રૂ.૫,૦૦૦ નો દંડ ફટકારતો હુકમ કરી ભોગ બનનાર સગીરાને રૂ.૭ લાખનું વળતર ચૂકવવા હુકમ કર્યો છે. આ કેસમાં સરકાર તરીકે એપીપી મહેશકુમાર જોષી રોકાયા હતા. ઉલ્લેખનીય છે કે મહેશકુમાર જોષીએ છેલ્લા ચાર દિવસમાં પોકસો એક્ટના ગુનામાં સજાના ત્રણ હુકમ કરાવ્યા છે.

# આટકોટ કન્યા છાત્રાલયના દુષ્કર્મ કેસમાં આરોપીની વચગાળાની જામીન અરજી રદ્દ

## પાંચવડા ગામના પૂર્વ સરપંચે ભત્રીજાના લગ્નમાં જવા માનવતાના ધોરણે ૧૦ દિવસના જામીન માંગ્યા હતા

**મુખ્ય સમાચાર,રાજકોટ**

આટકોટ સ્થિત ડી.બી. પટેલ કન્યા છાત્રાલયમાં રેકટર તરીકે ફરજ બજાવતી યુવતીને ધાક ધમકી આપીને બળજબરી પુર્વક દુષ્કર્મ આચરવાના ચકચારી ગુનામાં ઝડપાયેલા પાંચવડા ગામના પૂર્વ સરપંચે ભત્રીજાના લગ્નમાં જવા માનવતાના ધોરણે કરેલી ૧૦ દિવસની વચગાળાની જામીન અરજી અદાલતે ફગાવી દીધી છે. -

આ કેસની હકીકત મુજબ જસદણ તાલુકાના આટકોટ ગામે આવેલ ડી.બી. પટેલ કન્યા છાત્રાલયમાં અભ્યાસ પૂર્ણ કરી રેકટર તરીકે નોકરી કરતી યુવતીએ પાંચવડા ગામના પૂર્વ સરપંચ મધુકાન્ત ઉર્ફે મધુ ટાઢાણી અને વીરનગર ગામે - રહેતા છાત્રાલયના ટ્રસ્ટી પરેશ રાદડીયા વિરૂધ્ધ આટકોટ પોલીસ સ્ટેશનમાં દુષ્કર્મ અને જાનથી મારી નાંખવાની ધમકી આપ્યાની ફરિયાદ નોંધાવી હતી. પોલીસે બંને આરોપીની ધરપકડ કરી જેલ હવાલે કર્યા હતા. જેલહવાલે રહેલા પાંચવડા ગામના પૂર્વ સરપંચ મધુકાન્ત ઉર્ફે મધુ ટાઢાણીએ ભત્રીજાના લગ્ન હોવાથી માનવતાના ધોરણે ૧૦ દિવસ જેલ મુક્ત થવા રાજકોટ સેશન્સ કોર્ટમાં વચગાળાની જામીન અરજી કરી હતી.

જે જામીન અરજી ચાલવા ઉપર આવતા સરકાર પક્ષે સરકારી વકીલ મુકેશ પીપળીયા હાજર રહેલ અને જામીન અરજીનો સખત વિરોધ કરતા રજૂઆત કરેલ કે આરોપી વિરુદ્ધ સમાજ વિરોધી ગંભીર ગુનો છે. આરોપીના સગા ભત્રીજાના લગ્ન નથી કૌટુંબિક ભત્રીજાના લગ્ન છે. તેમાં આરોપીની હાજરીની કોઈ જરૂરિયાત નથી તેથી આરોપીએ માનવતાના ધોરણે માંગેલ જામીન



મળવા માટેની અરજી રદ કરવી જોઈએ જેવી રજૂઆત કરી હતી. સેશન્સ જજ પી.જે. તમાકુવાળાએ સરકાર પક્ષે કરવામાં આવેલી દલીલ અને રજૂ રાખેલા ઉચ્ચ અદાલતના ચુકાદાઓને ધ્યાને લઈ આરોપી મધુકાન્ત ઉર્ફે મધુ ટાઢાણીએ ભત્રીજાના લગ્ન માટે ૧૦ દિવસ માટે માનવતાના ધોરણે કરેલી વચગાળાની જામીન અરજી નામંજૂર કરતો હુકમ કર્યો છે. આ કેસમાં સરકાર તરફે સરકારી વકીલ મુકેશભાઈ પીપળીયા રોકાયા હતા.

# રાજકોટ રેલવે ડીવીઝનલ મેનેજરને લાંચ કેસમાં ત્રણ વર્ષની કેદઃ ૧૫ હજારનો દંડ

## હડમતીયા રેલ્વે જંકશન પર પાણી આપવાના કોન્ટ્રાકટ રીન્યુ કરવા ૪૦ હજારની લાંચ લેતા ઝડપાયો’તો

**મુખ્ય સમાચાર,રાજકોટ**

રાજકોટના હડમતીયા રેલ્વે જંકશન ઉપર પાણી પુરુ પાડવાનો કોન્ટ્રાકટ રીન્યુ કરવા રૂ.૪૦ હજારની લાંચ લેતા ઝડપાયેલા રાજકોટ રેલવે ડીવીઝનલ મેનેજરને અદાલતે ત્રણ વર્ષની સજા અને ૧૫ હજારનો દંડ ફટકારતો હુકમ કર્યો છે.

આ કેસની હકિકત મુજબ વર્ષ -૨૦૧૧માં હડમતીયા રેલ્વે જંકશન ઉપર પાણી પુરુ પાડવાનો કોન્ટ્રાકટ પુરો થઈ જતા કોન્ટ્રાકટરે કોન્ટ્રાકટ રીન્યુ કરવા રાજકોટ ખાતે ડીવીઝનલ મેનેજર તરીકે ફરજ બજાવતા આરોપી રમેશ ભગવાનભાઈ તોલાણીને અરજી આપેલ હતી. આ અરજી આપ્યા બાદ ૬ માસ સુધી રીન્યુઅલનો હુકમ થયેલ ન હોવા છતા ડીવીઝનલ મેનેજર રમેશ તોલાણીએ ફરીયાદીને પાણી પુરુ પાડતા રહેવાની સુચના આપેલ હતી. ૬ માસ સુધી આરોપીએ કોન્ટ્રાકટ રીન્યુ કરેલ ન હતો તેમ છતા ફરીયાદીને પાણી પુરુ પાડવાની સુચના આપેલ હોવાથી ફરીયાદીએ માર્ચ-૨૦૧૧ સુધી પાણી પુરુ પાડેલ. આ ૬ માસ સુધીના પાણીનું કોઈ જ બીલ ભનેલ ન હતુ પરંતુ ડીવીઝનલ મેનેજર રમેશ તોલાણીએ તમામ બીલો પાસ કરાવી આપવાની ખાતરી આપેલ હતી.

આમ કરવાના બદલે આરોપી તરફે ફકત પરીક્ષણની વિધિને શંકાસ્પદ જણાવવામાં આવે તો તેનાથી મુદ્દામાલ વાળો પદાર્થ ગાંજો હોવાનું નાસાબિત નથી થતું. પોલીસે તેમને ખોટી રીતે ફસાવી દીધેલ હોવાનું આરોપી રટણ કરેલ છે. આ સજોગોમાં પ્રોસીક્યુશનનો




કેસ સાબિત થયેલ હોવાનું માની મુખ્ય સત્ર ન્યાયાધીશ વી.બી. ગોહિલે આરોપી હનીફ પિંજારાને તકસીરવાન ઠરાવી ૧૦ વર્ષની સખ્ત કેદની સજા અને રૂ.૧ લાખનો દંડ ફરમાવેલ છે. આ કેસમાં સરકાર તરફે જિલ્લા સરકારી વકીલ સંજયભાઈ કે. વોરા રોકાયેલ હતા.

અંતમાં ફરીયાદીએ પોતાના બીલોને પાસ કરાવવા માટે આગ્રહ કરતા ડીવીઝનલ મેનેજર રમેશ તોલાણીએ રૂ.૪૦ હજારની લાંચની માંગણી કરી હતી. ફરીયાદી જે લાંચની રકમ આપવા માંગતા નહિ હોવાથી એ.સી.બી.માં ફરીયાદ નોંધાવી હતી. ફરિયાદના આધારે એસીબીની ટીમે ટ્રેપ ગોઠવેલ હતી જે દરમ્યાન આરોપી પોતાની ઓફીસમાં લાંચની રકમ સ્વીકારતા ઝડપાઈ ગયેલ હતા. જે લાંચ કેસ ચાલવા ઉપર આવતા સરકાર તરફેની રજુઆતોના અંતે પ્રિન્સીપાલ સેશન્સ જજ વી.બી. ગોહિલે આરોપી રમેશ ભગવાનભાઈ તોલાણી (ઉ.વ. ૫૫)ને ૩ વર્ષની કેદની સજા અને રૂ.૧૫,૦૦૦નો દંડ ફટકારતો હુકમ કર્યો છે. આ કેસમાં સરકાર તરફે જિલ્લા સરકારી વકિલ સંજયભાઈ કે, વોરા રોકાયા હતા.

# રાજકોટની ટોપ - ૧૦માં એન્ટ્રી

## નેશનલ સ્ટોક એકસચેંજનો રિપોર્ટ : ગુજરાતમાં ૨૦૨૪ માં ૧૯.૧૮ લાખ નવા રોકાણકારો ઉમેરાયા : દેશ લેવલે ત્રીજુ સ્થાન

**મુખ્ય સમાચાર,રાજકોટ**

ગુજરાતમાં ગત કેલેન્ડર વર્ષ-૨૦૨૪ માં ૧૯.૧૮ લાખની રેકોર્ડબ્રેક સંખ્યામાં નવા ઈન્વેસ્ટરો ઉમેરાયા હતા.૨૦૨૩ માં ૧૧.૭૬ લાખ તથા ૨૦૨૨ માં ૯.૭૪ લાખ નવા ઈન્વેસ્ટરોનો ઉમેરો થયો છે.

નેશનલ સ્ટોક એકસચેંજના રીપોર્ટ પ્રમાણે ગુજરાતમાં ૨૦૨૪ ના અંતે કુલ ૯૬.૮ લાખ રોકાણકારો હતા અને રાષ્ટ્રીય સ્તરે ગુજરાત ત્રીજા નંબરે છે. નવા ઈન્વેસ્ટરોની સંખ્યામાં સૌથી મોટો વધારો ધરાવતા ટોપ-૧૦ શહેર જીલ્લામાં સુરત, અમદાવાદ, તથા રાજકોટનો સમાવેશ થાય છે. ઉત્તર પ્રદેશમાં સૌથી વધુ ૩૩ લાખ ઈન્વેસ્ટરો ઉમેરાયા હતા. જયારે મહારાષ્ટ્રમાં આ સંખ્યા ૩૦ લાખ હતી.

ગુજરાતને લાગે વળગે છે ત્યાં સુધી સુરત અને અમદાવાદમાં ૩.૨૭ લાખ ઈન્વેસ્ટરોનો ઉમેરો થયો હતો. ટોપ-૧૦ શહેરોમાં અનુક્રમે ૪ અને ૫મુ સ્થાન મેળવ્યુ હતું. દિલ્હી, મુંબઈ, અને પુના ટોપ-૩ માં હતા. રાજકોટમાંથી ૧.૫૪ લાખ નવા રોકાણકારો નોંધાયા હતા અને રાષ્ટ્રીય સ્તરે ૧૦ મું સ્થાન મેળવ્યુ હતું જે ક્રમ ૨૦૨૩ માં ૧૨ મો હતો.ટોપ-૧૦ શેરોમાં ગુજરાત તથા મહારાષ્ટ્રના ૩-૩ શહેરોનો સમાવેશ થાય છે. દિલ્હીમાંથી ૧૪ લાખ, મુંબઈમાંથી ૯.૭ લાખ તથા પુનામાંથી ૩.૪ લાખ નવા ઈન્વેસ્ટરો નોંધાયા હતા. સુરત ૩.૩ લાખ નવા ઈન્વેસ્ટરો સાથે ચોથા ક્રમે હતુ.

શેરબજારનાં જાણકારોનાં કહેવા પ્રમાણે ટેકનોલોજીને કારણે નવા ડીમેટ ખાતા ખોલવાનું તથા ટ્રેડીંગ કરવાનું સરળ બન્યુ હોવાથી ઈન્વેસ્ટરોની સંખ્યા સતત વધી રહી છે. બહુમતી ઈન્વેસ્ટરો આઈપીઓમાં રોકાણ કરવાનો ટ્રેન્ડ ધરાવે છે.

યુવા ઈન્વેસ્ટરોની સંખ્યામાં મોટો વધારો છે. સાથોસાથ મહિલા રોકાણકારોની સંખ્યા પણ વધી રહી છે. યુવા પેઢી ફિક્સ્ડ ડીપોઝીટ જેવા પરંપરાગત રોકાણને બદલે શેરબજાર તરફ વધુ આકર્ષિત છે.

એનએસઈનાં રીપોર્ટ પ્રમાણે



૨૦૨૪ માં દેશભરમાં ઉમેરાયેલા નવા ઈન્વેસ્ટરોમાંથી ૩૫.૬ ટકા હિસ્સો ઉત્તરપ્રદેશ, મહારાષ્ટ્ર તથા ગુજરાત જેવા ત્રણ રાજયોનો જ હતો સૌથી વધુ ૭૩.૫ ટકા નવા રજીસ્ટ્રેશન આંધ્રપ્રદેશમાં હતા.૬૩.૧ ટકા સાથે ગુજરાતનો બીજો ક્રમ હતો.

# સુરેન્દ્રનગરના રતનપરમાં સગાઈના પ્રસંગમાં ધારિયા, લાકડી સાથે ૨૩ના ટોળાંનો આતંક

**મુખ્ય સમાચાર, સુરેન્દ્રનગર**

સુરેન્દ્રનગર શહેરમાં રતનપર પોલીસ સ્ટેશન સામે હસ્તાપીરની દરગાહ નજીક તોડફોડની ઘટના સામે આવી હતી. અંદાજે ૨૩ લોકોના ટોળાએ સગાઈ પ્રસંગમાં હાજર લોકોની ૫ ગાડીઓ પર ધારિયાથી હુમલો કર્યો અને પથ્થરમારો કર્યો હતો. આ દરમિયાન આરોપીઓએ રૂ.૨૦ હજારની રોકડ રકમની લૂંટ ચલાવીને ફરાર થઈ ગયા હતા.ઘટનાની વિગતો મુજબ, મોરબીના રહેવાસી વલીમહંમદ માણેક રતનપર ખાતે સગાઈ પ્રસંગમાં આવ્યા હતા. તેમની અગાઉ ધ્રાંગધ્રાના કેટલાક શખ્સો સાથે બોલાચાલી થઈ હતી. આ જૂની અદાવતના કારણે ધ્રાંગધ્રા અને રતનપરના ૨૩ લોકોનું ટોળું





ધારિયા, લાકડી અને છરી જેવા હથિયારો સાથે હુમલો કરવા આવી પહોંચ્યું હતું.પોલીસને જાણ થતાં તાત્કાલિક ઘટનાસ્થળે પહોંચી ગઈ હતી, જેના કારણે મોટી દુર્ઘટના ટળી હતી. પોલીસે રાત્રે જ કોમ્બિંગ ઓપરેશન હાથ ધરીને ૭ આરોપીઓની ધરપકડ કરી હતી અને મોટી સંખ્યામાં હથિયારો જપ્ત કર્યા હતા. સમગ્ર ઘટનાએ વિસ્તારમાં ચકચાર મચાવી દીધી છે અને પોલીસે વધુ આરોપીઓની ધરપકડ માટે તપાસ તેજ બનાવી છે.

MUKHYA SAMACHAR (DAILY EVENING) Publisher, Editor, Printer & Owner : RAJDEEPSINH MANOHARSINH ZALA, Place of Publication : 4/5 Corner Deepak Society, Near Kanaiya Chowk, Raiya, Road, Rajkot-360007 (Gujarat), Printed At :R P PUBLICATION, 31-A JAY JALARAM INDUSTRIAL ESTATE, NH 8B, B/H RUDA TRANSPORTNAGAR, POST-SOKHDA, RAJKOT-360003, GUJARAT

